# IIT-Gnના અમેલ્થિયામાં રજૂ થશે માઇન્ડ તરંગોથી કંટ્રોલ થતું હેલિકોપ્ટર

**આજે આઇ.આઇ.ટી. ગાંધીનગર ખાતે શરું થતા એમેલ્થિયામાં આ હેલિકોપ્ટર લોકોના આકર્ષણનું કેન્દ્ર રહેશે, બે દિવસ લોકો તેને માણી શકશે**



અમદાવાદ: ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર ખાતે ૨૨ તારીખથી શરૂ થઇ રહેલા અમેલ્થિયા-૨૦૧૬માં અવનવા ઇનોવેશન, લેક્ચર, વર્કશોપનું આયોજન કરાયું છે. પરંતુ રસપ્રદ વાત એ છે કે આ ઇવેન્ટ દરમિયાન પહેલીવાર માઇન્ડથી કંટ્રોલ કરી શકાય તેવું હેલિકોપ્ટર પ્રેઝન્ટ કરવામાં આવશે, સાથે જ લાઇવ ડેમો પણ અહીં જોવા મળશે. માઇન્ડ કંટ્રોલ હેલિકોપ્ટરને બે કંપની ન્યુરોસ્કાય અને પઝલબોક્સ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. માઇન્ડ દ્વારા તમે હેલિકોપ્ટરને ઓન ઓફ કરી શકશો, સાથે જ મોબાઇલ એપ્લિકેશન દ્વારા તમે તેની દિશા, સ્પીડ વગેરેનું કંટ્રોલ કરી શકશો.



## કેવી રીતે કામ કરે છે માઇન્ડ કંટ્રોલ હેલિકોપ્ટર ?

દરેક વ્યક્તિના મગજમાંથી ખાસ તરંગો નીકળે છે. જેને ધ્યાનમાં રાખીને હેલિકોપ્ટર અને એપ્લિકેશન ડિઝાઇન કરવામાં આવી છે. માઇન્ડના તરંગો એપ્લિકેશન દ્વારા કેચ કરવામાં આવશે, જ્યાં સંદેશો હેલિકોપ્ટર સુધી પહોંચાડવામાં આવશે. યૂઝ કરનારે પોતે હેડ કેપ પહેરવી ફરજિયાત છે. જેના દ્વારા તમે હેલિકોપ્ટરને કંટ્રોલ કરી શકશો.

## ફોકલ લેવલ ૭૦ % હોવું ફરજિયાત છે

મોટેભાગે આપણા માઇન્ડનું લેવલ ૪૦ થી ૫૦ ટકાની આસપાસ હોય છે. પરંતુ આ ટેકનોલોજી માટે તમારે તમારા માઇન્ડને ૭૦ ટકા ફોકસ સુધી લાવવું પડશે. ત્યારે તમે કનેક્ટ થઇ શકશો. તમારા માઇન્ડ દ્વારા હેલિકોપ્ટરને માત્ર ઓન - ઓફ જ કરી શકાશે. પરંતુ મોબાઇલ અથવા ટેબ્લેટ દ્વારા તમે બિજા તમામ કંટ્રોલ કરી શકશો. જે એપ્લિકેશનને તમારે મોબાઇલમાં ડાઉનલોડ કરવી ફરજીયાત છે. તેનાથી જ તમામ કમાન્ડને કંટ્રોલ કરી શકાશે.